## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

### જાહેરાત : ૨/૨૦૧૨ (બિન શૈક્ષણિક) અન્વયે જુનીયર કલાર્ક કમ ટાઇપીસ્ટની લેખિત કસોટી માટેની હોલ ટિકિટ મેળવવા અંગેની જાહેરાત

તા.૫/૮/૨૦૧૨ ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ધ્વારા યોજાનાર જુનીયર કલાર્ક કમ ટાઇપીસ્ટની લેખિત પરીક્ષા માટે સંબંધિત ઉમેદવારોએ **www.aau.in** ઉપર જઇ જાહેરાત : ૨/૨૦૧૨ (બિન શૈક્ષણિક) પર તા.૧૧/૭/૨૦૧૨ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકથી તા.૪/૮/૨૦૧૨ (સમય રાત્રીના ૧૧-૫૯ કલાક સુધી) સુધીમાં **Print Hall Ticket** ઉપર કલીક કરીને **Aplication ID No.** અને **Date of Birth** ની એન્ટ્રી કરવાથી **Screen** ઉપર બેઠક નંબર, બ્લોક નંબર અને પરીક્ષા કેન્દ્રના સરનામાની વિગત ચકાસી **Print** ઉપર **Click** કરીને હોલ ટિકિટ મેળવી લેવા જણાવવામાં આવે છે. હોલ ટિકિટ સાથે ઉમેદવારોએ સુચનાઓ ફરજિયાત ડાઉનલોડ કરીને વાંચી લેવી. ઉમેદવારોના **Aplication ID No.** નું લીસ્ટ વેબસાઇટ **www.aau.in** ઉપર મૂકેલ છે.

હોલ ટિકિટ હશે તો જ ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે જેની નોંધ લેવી.

તા. ૧૦/૭/૨૦૧૨

કુલસચિવ

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ-૩૮૮૧૧૦

| ક્રમ | શાળા/કોલેજનું નામ | સીટ નંબર કયા થી કયાં સુધી |
|---|---|---|
| ૧ | સરદાર વલ્લભભાઇ પટેલ હાઇસ્કૂલ,<br>ખેતીવાડી, જાગનાથ મહાદેવ પાસે,<br>બોરસદ ચોકડી,<br>આણંદ | **0001 to 0700** |
| ૨ | એમ. બી. પટેલ સાયન્સ કોલેજ,<br>ડી. એન. હાઇસ્કૂલ પાછળ,<br>સ્ટેશન રોડ,<br>આણંદ | **0701 to 2140** |
| ૩ | ડી. એન. હાઇસ્કૂલ, સ્ટેશન રોડ,<br>આણંદ | **2141 to 2980** |
| ૪ | કસ્તૂરબા કન્યા વિધ્યાલય,<br>ડી. એન. સંકુલ, સ્ટેશન રોડ,<br>આણંદ | **2981 TO 3910** |
| ૫ | વી. જે. પટેલ સ્કૂલ<br>(ચરોતર ઇગ્લીશ મીડીયમ સ્કૂલ)<br>ડી. એન. સંકુલ, સ્ટેશન રોડ,<br>આણંદ | **3911 TO 4420** |
| ૬ | અંબાલાલ બાલશાળા,<br>ડી. એન. સંકુલ, સ્ટેશન રોડ,<br>આણંદ | **4421 TO 5079** |

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ-૩૮૮૧૧૦

### પરીક્ષાનો કાર્યક્રમ નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | તારીખ | સમય | સ્થળ | રીમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧ | લેખિત પરીક્ષા | તા.૫/૮/૨૦૧૨ | ૧૦-૦૦ કલાકે | (૧) સરદાર વલ્લભભાઇ પટેલ હાઇસ્કૂલ, ખેતીવાડી, જાગનાથ મહાદેવ પાસે, બોરસદ ચોકડી, આણંદ<br>(૨) એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, ડી. એન. હાઇસ્કૂલ પાછળ, સ્ટેશન રોડ, આણંદ<br>(૩) ડી. એન. હાઇસ્કૂલ, સ્ટેશન રોડ, આણંદ<br>(૪) કસ્તૂરબા કન્યા વિધ્યાલય, ડી.એન. સંકુલ, સ્ટેશન રોડ, આણંદ<br>(૫) વી. જે. પટેલ સ્કૂલ (ચરોતર ઇગ્લીશ મીડીયમ સ્કૂલ) ડી.એન. સંકુલ, સ્ટેશન રોડ, આણંદ<br>(૬) અંબાલાલ બાલશાળા, ડી.એન. સંકુલ, સ્ટેશન રોડ, આણંદ | પરિણામ તા.૧૨/૮/૨૦૧૨ના રોજ ૧૦ : ૦૦ કલાકે આ.કૃ.યુ.ની વેબસાઇટ www.aau.in ઉપર મૂકવામાં આવશે. |
| ૨ | ટાઇપીંગ ટેસ્ટ (ગુજરાતી અને અંગ્રેજી) | તા.૧૯/૮/૨૦૧૨ | ૮-૦૦ કલાકે | નિયામકશ્રી, ઇન્ફર્મેશન ટેકનોલોજી. આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | પરિણામ તા.૧૯/૮/૨૦૧૨ના રોજ ૧૮ : ૦૦ કલાકે યુનિવર્સિટી ભવન ખાતે તેમજ આ.કૃ.યુ.ની વેબસાઇટ www.aau.in ઉપર મૂકવામાં આવશે |
| ૩ | પર્સનલ ઇન્ટરવ્યુ | તા.૨૦/૮/૨૦૧૨ | ૧૦-૦૦કલાકે | યુનિવર્સિટી ભવન, કુલપતિશ્રીનું કાર્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | - |

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ-૩૮૮૧૧૦

## લેખિત પરીક્ષાને લગતી અગત્યની સૂચનાઓ

૧ સૌપ્રથમ આણંદ કૃષિ યુનિવર્સિટીની વેબસાઇટ www.aau.in પર જઇ જાહેરાત ક્રમાંક : ૨/૨૦૧૨ (બિન શૈક્ષણિક) પર કલિક કરવાનું રહેશે. ત્યારબાદ **Print Hall Ticket** પર કિલક કરી એપ્લીકેશન આઇડી નંબર અને જન્મ તારીખ નાંખ્યા બાદ જ **Hall Ticket** નીકળશે. **Hall Ticket** માં જે બેઠક નંબર દર્શાવેલ છે તે બેઠક નંબર ઉપર જ બેસવાનું રહેશે.

૨ આ પરીક્ષામાં આપનો પ્રવેશ યુનિવર્સિટીની જાહેરખબર અને તેને સંબંધિત સૂચનાઓને આધારે આપે ઓનલાઇન ભરેલ અરજીપત્રકમાંની વિગતો અને તે હેઠળના સોંગદનામાંના ખરાપણાને આધીન રહીને આપવામાં આવે છે.

૩ પરીક્ષાર્થીને પ્રવેશપત્ર **(Hall Ticket)** મળે કે તરત જ તેમાં દર્શાવેલી નીચેની બાબતો ચકાસી લેવી.

(૧) પરીક્ષાર્થીનું પુરેપુરૂ નામ અને તેની જોડણી

(૨) કેન્દ્ર તથા તારીખવાર, વિષયવાર પરીક્ષા અંગેની બિલ્ડીંગ વ્યવસ્થા જાણી લેવી/ ચકાસવી,

(૩) પરીક્ષા સ્થળનું નામ, બેઠક નંબર તેમજ બ્લોક નંબર.

૪ નિર્ધારીત પરીક્ષા સમય કરતા એક કલાક પહેલા ઉમેદવારે પરીક્ષા સ્થળે હાજર થવાનું રહેશે.

૫ જો આપ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની લાયકાત પરિપૂર્ણ કરતા ન હોય તો આપને આ પરીક્ષામાં નહી બેસવા સલાહ આપવામાં આવે છે.

૬ પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપે ડાઉનલોડ કરેલ **Hall Ticket** (પ્રવેશપત્ર) અચૂક સાથે લાવવાનો રહેશે. અન્યથા પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

૭ પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઇલેકશન કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ કે અન્ય ફોટાવાળુ ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે જે નિરીક્ષક માંગે ત્યારે બતાવવાનું રહેશે.

૮ ઉત્તરપત્રમાં લખવા માટે કાળી (બ્લેક) બોલ પોઇન્ટ પેન/ **H.B** પેન્સીલનો ઉપયોગ કરવો.

૯ OMR પધ્ધતિથી ઉત્તરપત્રમાં જવાબો લખતા પહેલાં તે અંગેની સૂચનાઓ અચૂકપણે વાંચવી પછી જ જવાબો લખવા. **OMR Sheet** માં સ્વહસ્તે નામ, કેપીટલ અક્ષરમાં તથા બેઠક ક્રમાંક અચુક દર્શાવવાનો રહેશે. આ સિવાય અન્ય કોઇ, લખાણ કે ચિહ્ન કરવા નહી, અન્યથા ક્ષતિયુકત OMR ઉત્તરપત્ર રદ ગણીને કોમ્પ્યુટર ચકાસશે નહી જેની જવાબદારી ઉમેદવારની રહેશે.

૧૦ બિનઅધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઇલ, કેલકયુલેટર વગેરે કોઇ વિજાણું સાધનો રાખવા નહી જો આવી વસ્તુઓ આપની પાસેથી મળી આવશે તો આપો આપ ગેરલાયક ઠરશો તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

૧૧ પરીક્ષા શરૂ થયા પછી પ્રવેશ મળી શકશે નહી તથા આ હેતુલક્ષી પરીક્ષા હોવાથી પ્રશ્નપત્ર લખવાનો સમય પુરો ન થાય ત્યાં સુધી પરીક્ષાખંડ છોડી શકાશે નહી.

૧૨ **Hall Ticket** માં ખંડ નિરીક્ષક સહી કરાવે ત્યારે તમે જે ખાનામાં સહી કરો તે ખાનામાં બેઠક નંબર તથા **OMR Sheet** નો નંબર લખવો.

૧૩ પરીક્ષાનો સમય પુરો થવાની ૧૦ મિનિટ પહેલાં ચેતવણીના બેલનો એક ટકોરો અને સમય પુરો થવાના સમયે લાંબો (અંતિમ) બેલ વગાડવામાં આવશે. છેલ્લો બેલ વાગે ત્યારે જવાબો લખવાનું બંધ કરી દેવું. ખંડ નિરીક્ષક ખંડમાંના તમામ પરીક્ષાર્થીઓની **OMR Sheet** ભેગી કરી રહે ત્યાં સુધી કોઇ પણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન છોડવુ નહી.

૧૪ જે પરીક્ષાર્થી કોઇ પણ પ્રકારનું ગેરવર્તન કરશે. દા.ત. પુસ્તકો, નોંધ અથવા કોઇ છાપેલા યા લખેલા કાગળો સાથે લાવશે અથવા ઉતારો કરવાનો પ્રયત્ન કરશે તેની સામે યુનિવર્સિટી નિયમોનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૧૫ તા.૫-૮-૨૦૧૨ના રોજ લેવામાં આવનાર લેખિત પરીક્ષામાં ઉર્તીણ થનાર ઉમેદવારોની યાદી કુલસચિવશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે નોટીસ બોર્ડ તથા યુનિવર્સીટીની વેબસાઇટ **www.aau.in** પર તા.૧૨-૮-૨૦૧૨ ના રોજ ૧૦-૦૦ કલાકે મૂકવામાં આવશે.

૧૬ આ દરેક પરીક્ષા-ટેસ્ટ-ઇન્ટરવ્યુ માટે ઉમેદવારે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે, તેને માટે યુનિવર્સીટી તરફથી કોઇ ભાડા-ભથ્થુ ચૂકવવામાં આવશે નહી.

૧૭ ઇન્ટરવ્યુના સ્થળે આવવા માટે આણંદ રેલ્વે સ્ટેશનથી વીટકોસ બસ સેવા/ઓટોરીક્ષા ઉપલબ્ધ થઇ શકે છે.

તા. ૧૦-૮-૨૦૧૨

કુલસચિવ

D:\A.2.2\Advt -2-2012\Hall Ticket-condition.doc